

(તસવીર : કલ્પેશ ગોહેલ)

# જીંદગીના ઉંધા ચશ્માને સંઘર્ષના કેમિકલથી સીધા કરતા ઉમેશ શેઠ

**નાની ખીલોરી ગામના યુવકે હાથની મુઠીવાળીને સંઘર્ષની રેખાઓને બદલી માત્ર દોઢ દાયકામાં: ઉમેશભાઈની આગવી સુઝ બુઝ, દીર્ઘદ્રષ્ટિ અને આવડત તથા અવકાશથી તેઓએ ચશ્માની ૭૪ ઈન્ટરનેશનલ બ્રાન્ડને રાજકોટમાં પહોંચાડી: તેઓના સંઘર્ષ યુદ્ધમાં તેમના પત્ની નિશાબેન બન્યા સારથી: યુ ટર્ન ઓપ્ટીકલ બ્રાન્ડની ચેઈન દેશભરમાં શરૂ કરવાનું ડ્રીમ**



**'રસ્તો નહીં જડે તો**
**રસ્તો કરી જવાના,**
**એમ થોડા અમે કંઈ**
**મુંજાઈને મરી જવાના...!'**

અમૃત ઘાયલની આ પંક્તિ યુ-ટર્ન ઓપ્ટીકલ મેગા મોલ ઉભો કરનાર ઉમેશ શેઠ અને નિશા શેઠને ચોક્કસ લાગુ પડે છે. નાના એવા કરિયાણાના વેપારી પુત્રએ ખોબા જેવા ગામડામાંથી આવી રાજકોટ શહેરમાં ચશ્માની દુકાનને ઓપ્ટીકલ મેગા મોલમાં પરિવર્તિત કરી ચશ્માના વ્યવસાયને નવો આકાર આપ્યો છે. રાજકોટ જ નહીં રાજ્યમાં પ્રથમ ઓપ્ટીકલ મેગા મોલ સાથે સાત સાત શોરૂમ અને ઈન્ટરનેશનલ ઓપ્ટીકલ બ્રાન્ડની ફ્રેન્ચાઈઝી ધરાવતા યુ-ટર્નની જુગલ જોડી ઉમેશ શેઠ અને નિશા શેઠ જીવનના અનેક યુ-ટર્નમાંથી પસાર થઈ માત્ર દોઢ દાયકામાં અંતે પોતાની મંઝિલ સુધી પહોંચ્યા છે.

ચશ્માના વેપારમાં જબરદસ્ત પરિવર્તન લાવી રાજકોટના સોનેરી પૃષ્ઠો પર ઈતિહાસ બનાવનાર ઉમેશભાઈ આગવી સુઝબુઝ, દીર્ઘદ્રષ્ટિ અને આવડતની અટારીએથી ચશ્માની ઈન્ટરનેશનલ બ્રાન્ડને રાજકોટ સુધી પહોંચાડવામાં અગ્રેસર રહ્યા છે. એક પછી એક ઉંચાઈએ પહોંચેલા ઉમેશભાઈ શેઠના ચશ્મા પાછળના ભૂતકાળની સંઘર્ષ ગાથાને જાણવા અને વાંચવા જેવી છે. ગોંડલ તાબાના મોટી ખિલોરી ગામે કરિયાણાનો વેપાર કરતાં ચુનીલાલભાઈ શેઠ અને અનસુયાબેનના ઘરે તા.૧૮-૨-૧૯૬૭ના રોજ જન્મેલા ઉમેશભાઈને નાનપણથી સંઘર્ષ સાથે નાતો હતો. વેપાર મંદ ચાલતો હતો તો બીજીતરફ માતા ખેતીમાં મજૂરી કરતાં હતા છતાંય ભૌતિક સુવિધાના અભાવ વચ્ચે માતા-પિતાએ ચારેય સંતાનોને લાડકોડથી ઉછેર્યા હતા. બાળપણથી તોફાની ઉમેશભાઈને ભણવામાં શુધ્ધાંય રસ નહીં. અભ્યાસમાં તો ઉમેશભાઈનું વહાણ ડુબ્યું હતું. સ્કૂલબેગ કયાંક સંતાડી આખો દિવસ વાડીમાં બાળમિત્રો સાથે ટેસડા કરવા એ એમનો નિત્યક્રમ બની ગયો હતો પરંતુ એક દિવસ કાળચક્ર ફર્યું અને આ વાત માતાને જાણ થતાં માની મમતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી વાડીએથી પગથી ઢસડતા-ઢસડતા પુત્રને ઘરે લાવ્યા. બસ આ જ ક્ષણથી

## સકસેસ સ્ટોરી

**- મિતલ વોરા**

માતાના રામબાણ ઈલાજથી પુત્રના હૃદયમાં પસ્તાવો અને પ્રેરણાના ફૂવારા છૂટયા અને આત્મસ્ફુરણા થઈ કે દુનિયાના બધા ખુણેથી લડીને જ જંપીશ.

આખો દિવસ ઉધામા લીધાં હોવાથી ભણવાની સીસ્ટમ માફક આવતી ન હતી છતાં માંડ-માંડ ૧૨ ધોરણ સુધી ગોંડલની સંગ્રામસિંહ હાઈસ્કૂલ અભ્યાસ કર્યો. આ દરમિયાન રાજકોટનાં લેથ-પાવર પ્રેસ મશીનનાં કારખાનામાં કામ મળી જતાં ઉમેશભાઈ રૂા.૧૧નાં રોજ પર મજૂરી કરી કારખાનામાં મજૂરી કામ કર્યા બાદ લોથપોથ ઉમેશભાઈ કારખાના બહાર જ સુઈ જતાં. આવી કપરી પરિસ્થિતિમાં કારખાનેદાર પાસેથી રૂા.૨૦૦૦ની લોન લઈ બહેનનાં લગ્ન કરાવી ભાઈની જવાબદારી સફળતા પૂર્વક નિભાવી હતી.

લેથ-પાવર પ્રેસમાં અઢી વર્ષ નોકરી કરી રૂા.૩૦૦ બચાવી તેઓએ એક નાનો કેમેરો ખરીદયો અને આઉટડોર ફોટોગ્રાફી ચાલુ કરી ધંધાનો પાયો નાંખ્યો કારણ કે ઉમેશભાઈનું લક્ષ્ય કંઈક બીજું જ હતું. ફોટોગ્રાફીમાં સમય રહેતાં આવક સારી થઈ અને તેઓએ દેરડીકુંભાજીમાં શ્રીનાથજી સ્ટુડીયો શરૂ કર્યો. જ્યાં મોટાભાઈનું માર્ગદર્શન મળતાં સ્ટુડીયોની સાથે શ્રીરાજ ઓપ્ટીકલ કરીને ચશ્માની દુકાન શરૂ કરી ચશ્માનાં વ્યવસાયમાં ઝંપલાવ્યું ને ગામડાનાં એક યુવકે હાથની મુઠ્ઠીવાળી સંઘર્ષની કાંટાળી કેડી પર ચાલી સફળતાની રેખાઓ દોરવાનું શરૂ કર્યું.

યુવાનીનાં ઉંમરે તકાજો મારી રહેલાં ઉમેશભાઈને દોડવું હતું અને મેદાન મળ્યું હોય તેમ તેમની દીર્ઘદ્રષ્ટિથી એક પછી એક નવાં સોપાન શરૂ કરવા માંડયાં. દેરડીકુંભાજી બાદ ગોંડલમાં ફોટોગ્રાફીનાં મટિરિયલ્સનાં ધંધા સાથે મોટાભાઈ સાથે ચશ્માની દુકાનમાં બેસી આ વ્યવસાયમાં માર્ગદર્શન મેળવતાં રહ્યાં. દેરડીકુંભાજીથી શરૂ કરેલા પ્રવાસને સાલ ૧૯૮૮-૮૯માં રાજકોટમાં ''વિઝન ઓપ્ટીકલ''નાં નામથી મંઝીલ મળી. આ રોચક પ્રવાસમાં નિશા નામની યુવતી તેમની ગાઈડ તરીકે આવી. આ વિશે ખુદ ઉમેશભાઈ જણાવે છે કે ગોંડલમાં નિશાનાં કાકાનાં મેરેજનું હું શૂટિંગ કરવા ગયો હતો ત્યારે નિશાની આંખો મારી આંખોમાં કેદ થઈ હતી અને અમે બન્ને પ્રેમમાં પડયાં. બન્નેનાં પરિવારજનોની સંમતિથી અમે લગ્નગ્રંથીથી જોડાયા. નિશા મારી હમસફર સાથે પથદર્શક પણ બની રહી. સપ્તપદીનાં સાત વચનોને તેને હૃદયપૂર્વક નિભાવ્યા. મારી સાથે ખભેખંભા મિલાવી ઉભી રહી છે. હું ચશ્માનાં કાચનું કટીંગ કરતો તો નિશા મશીન પર કાચ ઘસતી. મારા સંઘર્ષભર્યા દિવસોમાં તે દુઃખ સુખનો પડછાયો બનીને રહી છે.

રાજકોટમાં માત્ર રૂા.૫૦૦૦ની મૂડી લઈને આવેલાં ઉમેશભાઈએ મંગળારોડ પર વિઝન માટે ટોકન આપ્યું ત્યાર પછી તેમનાં માટે અવઢવ ઉભી થઈ કે હવે દુકાનનાં રૂપિયા કયાંથી આવશે ? છતાં પણ પોતાની મહત્વકાંક્ષા પર અડગ રહેલાં ઉમેશભાઈને મદદ મળી તેમનાં જીગરી મિત્રો અને ગોંડલ નાગરિક સહકારી બેંકની રૂા.૧ લાખની લોન લઈ રૂા. ૧,૮૦,૦૦૦થી વિઝન ઓપ્ટીકલ શરૂ

(અનુ. આઠમાં પાને)

# ચીનથી ત્રણ ગોલ્ડ કપ જીતનાર મુંબઈની રૂચિ પાસડે મૂળ કચ્છી

હાલમાં જ ચિનમાં યોજવામાં આવેલી ઈન્ટરનેશનલ સ્પીડ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં મૂળ કચ્છી અને મુંબઈના મુલુંડની રુચિ પાસડે ત્રણ ગોલ્ડ કપ જીતીને ભારત અને કચ્છને અનેરું ગૌરવ અપાવ્યું છે. મુલુંડ (ઈસ્ટ)માં મીઠાગર પાસે રહેતી કચ્છી વીસા ઓસવાળ જૈન જ્ઞાતિની રુચીએ બે વર્ષમાં બીજીવાર દેશનું નામ રોશન કર્યું છે. જુલાઈ ૨૦૧૦માં તે મોટી બહેન પંક્તિ સાથે હોન્ગકોન્ગ ગઈ હતી જ્યાંથી તેઓ એક ગોલ્ડ કપ, એક સિલ્વર કપ, એક સિલ્વર મેડલ અને ત્રણ બ્રોન્ઝ મેડલ જીતી લાવી હતી.

રૂચિ પહેલી ઓગસ્ટે ચીનની ટુર પરથી પાછી આવી ત્યારે મુંબઈના સહારા એરપોર્ટ પર તેનાં પરિવારજનો અને મિત્રોએ તેનું પરંપરાગત વિધિથી ભાવભર્યું સ્વાગત કર્યું હતું. તેને હારતોરા પહેરાવી અને બુકે આપી સમ્માન કરવામાં આવ્યું છે.

## આ પણ જાણો....

**- વિશાલ રેવર**



રૂચિ પાસડે

આ સાથે જ ચીનની ચેમ્પિયનશીપમાં રૂચિ સહિત ભારતના કુલ પચીસ સ્કેટરોએ ભાગ લીધો હતો અને તેમણે કુલ મળીનેં ચાર ગોલ્ડ કપ જીતી લીધા હતાં.

આખી સ્પર્ધામાં ભારત અને ચીન ઉપરાંત હોન્ગકોન્ગ, તાઈવાન, સાઉથ કોરિયા, શ્રીલંકા અને બાંગ્લાદેશના સ્કેટરોએ ભાગ લીધો હતો.

રૂચી મુળ કચ્છના માંડવી તાલુકાના એકઝામના દિવસો દરમિયાન એક બ્રેક લઈને ઓરંગાબાદ ગઈ હતી જ્યાં તેણે સ્કેટિંગની નેશનલ ચેમ્પિયનશીપની ત્રણ ઈન્ડિવિજ્યુઅલ અને એક ટીમ હરીફાઈમાં ભાગ લીધો હતો અને ચારેયમાં ગોલ્ડ મેડલ જીતી હતી. તેણે રિન્ક વન, રિન્ક ટુ તથા રોડ રેસમાં સુવર્ણચંદ્રક મેળવ્યા પછી રિલે ટીમમાં પણ એ મેડલ જીતીને એ સ્પર્ધામાં મુંબઈનો ડંકો વગાડયો હતો.

રૂચિના મમ્મી હર્ષિકા બેને જણાવ્યું હતું કે 'રૂચિ ખાસ કરીને ચીનના પ્રવાસમાં જે સિધ્ધિઓ મેળવીને પાછી આવી ત્યાર બાદ એકઝામ્સમાં અને ઔરંગાબાદની સ્પર્ધામાં બિઝી હોવાથી અમે પરિવારમાં મોટા પાયે સેલિબ્રિશન નહોતાં શકયા, પરંતુ હવે થોડા દિવસમાં કરવાનો વિચાર છે. તેમણે રૂચિની તાજેતરમાં ભૂતકાળની સિધ્ધિની વાત કરતા કહ્યું હતું કે થોડા મહિના પહેલાં તે નેશનલ સ્કૂલ ગેમ્સમાં સ્કેટિંગની હરિફાઈમાં ત્રીજા નંબરે આવી હતી.

# લક્ષ્મણ: વેરી વેરી સ્પેશ્યલ



ઓસ્ટ્રેલિયાના પ્રવાસ બાદ રાહુલ દ્રવિડે અચાનક ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની ઘોષણા કરીને ક્રિકેટ રસિકોને આંચકો આપ્યો હતો પરંતુ ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની શ્રેણી શરૂ થાય તે પહેલા જ ભારતના શ્રેષ્ઠ બેટધર વીવીએસ લક્ષ્મણે પણ ક્રિકેટને અલવિદા કહીને બધાને ચોંકાવી દીધા. ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ હૈદરાબાદમાં જ રમાવાની હોવા છતાં પોતાના ઘરના મેદાન ઉપર કારકિર્દીનો છેલ્લો ટેસ્ટ મેચ રમવાને બદલે લક્ષ્મણે ટેસ્ટ પૂર્વે જ નિવૃત્તિ લઈ લીધી તેનાથી ક્રિકેટ રસિકો, ભારતીય ટીમના ખેલાડીઓ તેમજ લક્ષ્મણના મિત્રો ઉપરાંત ખુદ તેની પત્નીને પણ આશ્ચર્ય થયું.

આમ તો દ્રવિડની જેમ લક્ષ્મણ પણ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં નિષ્ફળ રહ્યો હતો અને ત્યારે જ દ્રવિડની સાથે તેમને પણ નિવૃત્તિની જાહેરાત કરી દેવી જોઈતી હતી તેવું બધા માનતા હતા પણ લક્ષ્મણે તે સમયે નિવૃત્તિ ન લેતાં હવે જ્યારે ટેસ્ટ સિરીઝ શરૂ થાય તે પૂર્વે જ નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી ત્યારે નિવૃત્તિની જાહેરાત કરતાં પહેલા તેમને ઘણા સાથી ખેલાડીઓ, મિત્રો અને ક્રિકેટ બોર્ડ સાથે પણ ચર્ચા કરી હતી અને ત્યારબાદ અચાનક તેમણે નિવૃત્તિની જાહેરાત એ સમયે કરી કે જ્યારે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ પૂર્વે તેની ટીમમાં પસંદગી પણ થાય અને ત્યારબાદ તેમણે શ્રીકાંતને ફોન કરીને પોતાનું નામ પાછું ખેંચવા જણાવી પણ દીધું.

શું લક્ષ્મણની નિવૃત્તિ પાછળ લક્ષ્મણ અને ધોનીના ઝઘડા કે મતભેદ તો કારણભૂત નથીને ? તેવી વાત હવે બહાર આવી છે. પોતાના દેખાવ ઉપર લક્ષ્મણને ડ્રોપ કરવો સહેલો ન હતો તે બધા જાણતા હતા પણ ધોની છેલ્લી બે શ્રેણીથી ટીમમાં યુવાનોને સમાવવાની આડકતરી તરફેણ કરતો આવ્યો છે ત્યારે લક્ષ્મણની નિવૃત્તિ પાછળ ધોની તો જવાબદાર નથીને તે પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે.

## ખેલ ખેલ મેં

**સુરેશ પારેખ**

લક્ષ્મણ અને ધોનીના મતભેદ ત્યારે સપાટી પર આવ્યા જ્યારે ભારતીય ટીમ હૈદ્રાબાદમાં પ્રેક્ટિસ કરી રહી હતી અને લક્ષ્મણે ટેસ્ટ ટીમના સિનિયર ખેલાનડીઓ સચિન, ગંભીર, સેહવાગ, ઝહીરને પોતાના ઘરે ડીનર માટે બોલાવ્યા હતા પણ તેમાં ધોનીનું નામ ન હતું અને ત્યારે ધોનીને પૂછવામાં આવ્યું ત્યારે ધોનીએ પણ ના પાડી કે ના મને બોલાવવામાં આવ્યો ન હતો. જો કે ધોનીએ સ્પષ્ટતા પણ કરી કે સામાન્ય રીતે હું ઝડપથી મોબાઈલ ઉપાડતો નથી અને એ મારી કુટેવ સુધારવી રહી પણ સુધરતી નથી પણ ધોનીના આ વિધાન પછી બન્ને વચ્ચે મનદુઃખ હતા તેવું તો સહેજે કહી શકાય પણ આ બધા ઝઘડાની વચ્ચે લક્ષ્મણના રમતને ભૂલી ન શકાય. સચિન સેહવાગ, દ્રવિડ આ બધા મહાન બેટધરોની વચ્ચે લક્ષ્મણ હંમેશા વેરી વેરી સ્પેશ્યલ રહ્યો છે. તેમની બેટિંગ કદાચ આ બધાથી અનોખી હતી અને ૬ નંબર ઉપર આવીને લક્ષ્મણે ટીમને જે મજબૂતી પ્રદાન કરી હતી તેના વિશે કોઈ શંકા ન હોઈ શકે. કદાચ ૬ નંબરની પોઝિશનમાં લક્ષ્મણ કદાચ ભારતનો જ નહીં પરંતુ વિશ્વનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ બેટધર હશે તેવું કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી.

તેમણે રમેલી કેટલીક યાદગાર ઈનિંગ આજે ક્રિકેટ જગતની કેટલીક ઐતિહાસિક ઈનિંગ્સમાં સામે કરવામાં આવી છે. લક્ષ્મણ શું ચીઝ છે તેની ઝલક સિડની ટેસ્ટમાં દુનિયાએ પહેલી વખત જોઈ. જ્યારે તે શ્રેણીમાં ભારતના બેટધરો ખાસ કંઈ ઉકાળી શકયા ન હતા ત્યારે લક્ષ્મણે એ ટેસ્ટમાં માત્ર ૧૯૮ બોલમાં ૧૬૭ રન ફટકાર્યા અને તેના ચોકકા જાણે એકશન રિપ્લે હોય તેમ રીચી બેનોએ જણાવ્યું હતું પણ ક્રિકેટ ઈતિહાસમાં તેની ઓલ ટાઈમ ઈનિંગ તો કલકતા ટેસ્ટ મેચમાં જોવા મળી. જ્યારે ભારત પ્રથમ દાવમાં ૨૭૪ રનથી પાછળ હતું અને ભારતે બીજા દાવની શરૂઆત કરી. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટીવ વોને તો એમ જ હતું કે ઓસ્ટ્રેલિયા આ મેચ એક દાવથી જ જીતી જશે પણ લક્ષ્મણ કંઈક જુદું જ વિચારતા હતા. તેમણે એ મેચમાં એકલા હાથે જ ૨૮૧ રનની શાનદાર ઈનિંગ્સ રમી જે જોનાર તો દંગ જ રહી ગયા અને ઓસ્ટ્રેલિયા તો હતપ્રભ થઈ ગયું હતું. ભારત આ ટેસ્ટ મેચ પણ જીતી ગયું. જ્યારે ઓસ્ટ્રેલિયા બીજા દાવમાં કોલેપ્સ થઈ ગયું.

ફરી જ્યારે ભારત ઓસ્ટ્રેલિયા ગયું ત્યારે પણ સિડની ટેસ્ટમાં તેમણે શાનદાર ૧૭૮ રનની ઈનિંગ રમી અને ઓસ્ટ્રેલિયા સામે ફરી પોતાનું કૌવત દેખાડયું.

૨૦૦૪માં જ્યારે ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચેના મુંબઈ મેચમાં એક જ દિવસમાં ૨૦ વિકેટ પડી અને કેપ્ટન રિકી પોન્ટીંગે મુંબઈ વિકેટની અકારી ટીકા કરી હતી ત્યારે પણ લક્ષ્મણએ ખરાબમાં ખરાબ વિકેટ ઉપર શાનદાર ૬૯ રન કરીને ભારતને જીત અપાવી હતી.

વેસ્ટ ઈન્ડિઝ સામે પણ મોહાલી ટેસ્ટમાં જ્યારે ભારતને જીતવા માટે ૨૫૩ રન કરવાના હતા અને ભારતની ચાર વિકેટ ૫૩ રનમાં પડી ગઈ હતી ત્યારે પણ લક્ષ્મણે સચિન અને સુરેશ રૈનાના સહારે ભારતને જીત અપાવી દીધી પણ હદ તો ત્યારે મોહાલીના મેદાન ઉપર જ ઓસ્ટ્રેલિયા સામેના મેચમાં ઓસ્ટ્રેલિયાની જીતની સામે બે વિકેટ જ હતી ત્યારે ઈશાંત શર્મા અને ત્યારબાદ ૧૧મા નંબરના ખેલાડી સાથે લક્ષ્મણે છેક સુધી ઉભો રહીને છેલ્લી બે વિકેટ માટે ૬૦થી પણ વધારે રન ઉમેરીને ભારતને એક વિકેટથી સૌથી યાદગાર વિજય અપાવ્યો.

# આટકોટ નજીક પાંચવડા ગામે આવેલું મામાદેવનું રમણીય મંદિર

## મામાદેવને પ્રસાદીમાં સીગારેટ, અત્તર અને લોબાન ધરાવાય છે: ૧૯૭૮માં મામાદેવના મંદિરની સ્થાપના કરાઈ

સૌરાષ્ટ્રની ભૂમિ એટલે મંદિરોની ભૂમિ. આપણે અહીં દરેક ધર્મના સ્થાનકો આવેલા છે અને અસંખ્ય નાના-મોટા ઐતિહાસિક્તા ધરાવતા અનેક દેવી-દેવતાના મંદિરો આવેલા છે. આજે આવા જ એક અનોખા દેવ મંદિરની વાત 'મારી નજર'માં કરવી છે. આટકોટના પાંચવડા ગામે મામાદેવનું અનોખું મંદિર આવેલું છે. આ મંદિરની વધુ વાતો જાણીએ.



આ વાત કંઈક આવી છે-વર્ષો પહેલાં બુટાણી પરિવારના દુધીમાને મામાદેવ બહેન કરેલા. તે બહેનની મદદ કરતાં, ખડના ભારા તેની બહેનને ચઢાવતાં. એક દિવસ ભાઈબીજના દિવસે દુધીમાના સગાભાઈ સાથે નહતા ગયા ત્યારે ભાઈને જમાડ્યા વિના એકટાણું કેમ કરવું ? તે ચિંતામાં દુધીમા દુઃખી થયા ત્યારે મામાદેવ ખેડૂતનું સ્વરૂપ લઈને દુધીમાને એકટાણું કરાવવા ગયા હતા ત્યારબાદ દુધીમાએ તેના પુત્ર ભીમભાઈને જાત્રા કરાવવાનું કહ્યું. ભીમભાઈ મજૂરી કરતા હતા તેને તેની જીવાદોરી સમાન રેકડી વહેંચી અને માતાને જાત્રા કરાવી હતી. ભીમભાઈને થયું કે હવે હું શું કરીશ મેં મારી જીવાદોરી વહેંચી નાખી ત્યારબાદ જાત્રાએથી પરત ફરતા દુધીમાએ સામૈયું કરવા કહ્યું. જ્યારે સામૈયું કર્યું ત્યારે મામાદેવે દુધીમાના શરીરમાં પ્રવેશ કરીને કહ્યું કે તે મારું સામૈયું કર્યું છે ત્યારે ભીમભાઈએ પૂછતા જવાબ આપ્યો કે હું પાંચવડાના ખીજડાવાળા મામાદેવ. ભીમભાઈએ સામૈયું કરતાં મામાદેવે ભીમભાઈને વરદાન માંગવા કહ્યું ત્યારે ભીમભાઈએ દર્શન આપવા અને સહુંનું સારું કરવા વરદાન માગ્યું ત્યારે પહેલી વખત આઠ વર્ષના બાળકના સ્વરૂપે મામાદેવે દર્શન આપ્યા હતાં.

## મારી નજરે

**- નિરાલી પારેખ**

ઈ.સ. ૧૯૭૮માં આટકોટ, પાંચવડા, ખારચીયા, જસાપર ગામના સીમાડે મામાદેવના મંદિરની સ્થાપના કરવામાં આવી. પોણાત્રણ વિઘામાં સ્થાપયેલું આ મંદિર અતિ રમણીય અને શાંતિ અર્પે છે. મામાદેવની કોઈ મૂર્તિ નથી, તસવીર નથી તેની નાની ડેરી છે અને પાંચવડાવાળા ખીજડા મામાદેવ તરીકે પૂજાય છે. મામાદેવે અનેક લોકોની માનતા પુરી કરી છે-અનેક લોકોને મદદ કરી દર્શન આપ્યા છે, અનેક લોકોને ત્યાં પારણીયા બંધાવ્યા છે. પાંચવડાવાળા મામાદેવનું મંદિર દર રવિવારે ખુલ્લું હોય છે જેમાં રોટલી, શાક, ખીચડી અને છાસ પ્રસાદમાં અપાય છે. બીજા દેવો કરતા પાંચવડાવાળા મામાદેવને ધરાવાતો પ્રસાદ અલગ છે. મામાદેવને સીગારેટ, અત્તર અને લોબાન ધરાવાય છે.

અત્યારે મામાદેવના મંદિરની જવાબદારી ભીમજીભાઈ બુટાણી સંભાળી રહ્યા છે.

મામાદેવના મંદિરે અષાઢીબીજ, નવું વર્ષ અને અણકોટના ઉત્સવ ઉજવાય છે. અષાઢીબીજના દિવસે મામાદેવને અત્તર, અબીલ-ગુલાલ ફૂલો વડે શણગારી ધજા ચડાવાય છે તેમજ દર શ્રાવણ માસે મામાદેવ કોઈને કોઈ સ્વરૂપ દર્શન આપે છે. દર શ્રાવણ માસે શિવલિંગ, ગણેશજી, દેવી-દેવતાની આકૃતિ જમીનમાંથી પ્રગટે છે. આ શ્રાવણ માસે દશામાની સાંઢણી, શંકર ભગવાનનો પોઠિયો, શેષનાગના ફણા, કાચબા જેવી આવૃત્તિ જમીનમાંથી પ્રગટ થઈ હતી.પાંચવડાવાળા મામાદેવનું મંદિર વિશાળ જગ્યામાં આવેલું છે. રમણીય અને શાંતિ અર્પતા આ મંદિરની મુલાકાત એકવખત અચુક લેવા જેવી છે.

# એકો અહં, દ્વિતીયો નાસ્તિ ન ભૂતો ન ભવિષ્યતિ

હું એક જ છું મારા જેવો બીજો નથી. ભૂતકાળમાં હતો નહીં... ભવિષ્યમાં થશે નહીં. આ વાક્ય કવિ સુરેશ દલાલ માટે છે. દરેક માણસ બીજા માણસથી અલગ છે પણ કોઈ માણસ જુદો હોવા છતાં બધાનો થઈને જીવે છે. તેની કવિતાઓ તેને બીજા લોકો સાથે જોડી બધાનો બનાવી દે છે.

આલ્બેર કામુએ લખ્યું છે: 'માણસમાં નફરત કરવા કરતાં તારીફ કરવા લાયક વધારે વસ્તુઓ છે' આ કવિમાં તો બધુ જ તારીફ કરવા લાયક હતું.

'કવિતા'નું મેગેઝિન ચલાવવું એટલે શું ? કોઈ કલ્પના ન કરી શકે અને તેમણે તે કરી બતાવ્યું. એક અનમોલ નઝરાણું ધરીને તેમણે કવિતા રસિક લોકોને ધરવી દીધા.

પોતાની અને બીજાની અનેક કવિતાઓ તેમને કંઠસ્થ હતી. તેમને સાંભળવા એ હંમેશા એક લ્હાવો રહેતો. એક રવિવારની સવારે, મુંબઈમાં તેમને સાંભળવાનો અમને લહાવો મળેલો. એ ટિકિટ શો હતો. આપણે ત્યાં એવું શકય બનશે ખરું ?

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે જે સંબંધ પર જીવે છે. તેમને તેમના દોસ્તોએ ખૂબ પ્રેમ કર્યો છે અને એ પ્રેમને લીધે તેમને જીવન જીવવાનો જુસ્સો મળતો.

તેમને ઈશ્વર પર અખૂટ શ્રધ્ધા હતી. તેમની લખેલી એક કવિતા.

જવાળામુખી પર બેઠો હોઉં
ત્યારે મારી ભીતર
ચંદનનો લેપ કર્યા કરે
તે મારો પરમાત્મા

તેઓ કહેતા કે પોતાની શારીરિક ફરિયાદોની ફરિયાદ શું કરવાની ? જે હોય તેને સ્વીકારી લેવાની તેમના દેહને અવસ્થા લાગુ પડી શકે પણ કામને નહીં. તેઓ એક અદ્ભૂત વકતા અને સંચાલક હતા.

તેમની પાસે પોતાની કાર નહોતી ત્યારે પણ ટેકસીમાં જ ફરવાની તેમની આદત ઘણા શોખીન અને કોઈને મદદ કરવા માટે હંમેશા તૈયાર.

તેમની પોતાની આ રચના.

'જે ખીલે અને કરમાય છે, એથી જ તો ફૂલ છે,
જે કદી કરમાય નહીં, એ ફૂલ નહીં પણ શૂળ છે.''

કવિ પોતે ફૂલ જેવું જીવન જીવી કરમાય ગયા.

**Dear She**

**- સુરભિ પુંજાણી**

ડિયર શી! તમે જાણો છો તેમ પુરુષ માત્રને ટકવા માટે એક મજબૂત આધાર જોઈતો હોય છે અને એ આધાર સ્ત્રી આપતી હોય છે.

સુરેશભાઈના પત્ની સુશીલાબેને આ કવિને મજબૂત આધાર આપ્યો. એ ઋણાનું બંધ એ અંજળની વાત છે.

આપણે ત્યાં તો આવી અનેક નામી-અનામી સ્ત્રીઓ મળી આવશે જે પોતાના પતિની પાછળ રહીને મજબૂત પીઠબળ આપતી રહી છે.

આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના પત્ની લલિતાદેવી શાસ્ત્રી, સ્વ. ગ્રેટેસ્ટ શો પરસન રાજકપૂરના પત્ની કૃષ્ણા કપૂર.

પોતાના પતિના મૃત્યુ બાદ તેના બધા પુત્રીને સાચવી લેનાર માતા કુંતી.

જિંદગી કોઈ એક જણની સાથે એક સોફા પર કે હિંચકા પર બેસીને બુઢ્ઢા થવાની મજાનું નામ નથી. એ સિવાય પણ ઘણું ઘણું છે.

તો ડિયર શી ! આપણી સપ્રેમ સલામ આવી સ્ત્રીઓને જેઓ ધૂપસળીની જેમ સળગી સુગંધ ફેલાવે છે.